જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૩/૨૦૧૪ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૭૯૮/૧૪**

**ઓઠવ વિસ્તારની ૧૮ લાખની ટ્રક લુંટના બે વોન્ટેડ આરોપીઓને પકડી પાડતી એસઓજી ક્રાઇમ**

નાયબ પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસઓજી ક્રાઇમ બ્રાંન્ચ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ એસઓજી ક્રાઇમના પો.સ.ઇ.શ્રી કે.એચ.રાઠોડ તથા સ્કોડના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના હેડની લગતી કામગીરી કરવા અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન પેટ્રોલીંગમાં ફરતા ફરતા કલાક ૧૮/૪૫ વાગે અમરાઇવાડી સ્વસ્તિક ચાર રસ્તા પાસે આવતા સાથેના પો કોન્સ. દશરથસિંહ માનસિંહ તથા પો કોન્સ. રાકેશસિંહ ધર્મેન્દ્રસિંહ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે, " બે ઇસમો જે પૈકી નં.(૧) નાએ શરીરે ચેક્સવાળું શર્ટ તથા વાદળી રંગનું જીન્સનું પેન્ટ પેહેરલ છે જેનું નામ રાજારામ પ્રજાપતિ છે તે તથા નં(૨) નાએ શરીરે સફેદ કલરનું અડધી બાંયનું શર્ટ તથા વાદળી રંગનું જીન્સનું પેન્ટ પહેરલ છે જેનું નામ સુરેશ ઉર્ફે બટકો ઉફે બોક્સી છે જે બંન્ને ઇસમો ઓઢવ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૫૩/૧૩ ધી ઇપીકો કલમ ૩૯૭,૩૪૨,૧૨૦ બી, ૪૧૨ તથા જીપી એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાં સંડોવાયેલ છે અને સદરહું ગુનો કર્યા બાદ પોતાની ધરપકડ ટાળવા સારુ બંન્ને ઇસમો આજદીન સુધી નાસતા ફરે છે જે બંન્ને ઇસમો થોડી જ વારમાં નાગરવેલ હનુમાન મંદિર તરફથી પગે ચાલતા આવી અત્રે થઇ હાટકેશ્વર સર્કલ તરફ જવાના છે" વિગેરે બાતમી હકીકત આધારે ઉપરોકત વર્ણનવાળા બંન્ને ઇસમો નાગરવેલ હનુમાન મંદિર તરફથી પગે ચાલતા આવતા જણાતાં નજીક આવવા દઇ કોર્ડન કરી રોકી પકડી લીધેલ અને બંન્નેના વારાફરતી નામઠામ પુછી અંગઝડતી તપાસ કરતાં નં(૧) નાએ પોતે પોતાનું નામ રામચન્દ્ર ઉર્ફે રાજારામ s/o બાબુલાલ ઉર્ફે બાબુભાઇ જાતે પ્રજાપતિ ઉવ.૨૭ રહે, અજયભાઇ ઠાકોરના મકાનમાં, ઠાકોરવાસ, સૈજપુર, અમદાવાદ મુળ ગામઃ આસલપુર તા.ફુલેરા જી.જયપુર, રાજસ્થાન નાનો હોવાનું જણાવેલ જેની અંગઝડતી તપાસમાંથી એક આઇ પ્લસ કંપનીનો મોબાઇલફોન કિ.રૂ.૫૦૦/- નો મળી આવેલ તથા નં(૨) નાએ પોતે પોતાનું નામ સુરેશ ઉર્ફે બોક્સી ઉર્ફે બટકો ઉર્ફે દેવ s/o બોની માધવ જાતે કોરી ઉવ.૨૬ રહે, ઉપર મુજબ સદર મુળ ગામઃવિધ્યાધર તા.નોતી જી.પ્રતાપગઢ થાનાઃલાલગંજ , ઉત્તરપ્રદેશ નાનો હોવાનું જણાવેલ. જે બંન્ને મોબાઇલ ફોનો પંચનામાં વિગતે કબજે કરી ઉપરોકત બંન્ને ઇસમોને સીઆરપીસી કલમ ૪૧(૧) એ મુજબ આજ રોજ તા.૨૧/૦૩/૨૦૧૪ ના કલાક ૧૯/૩૦ વાગે પકડી અટક કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.